# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૪ તા.૨૩-૧-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ,

**વિષય :- તા.૨૫ જાન્યુઆરી-૨૦૧૭ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી નિમિત્તે પ્રતિજ્ઞા લેવા બાબત**

**સંદર્ભ :- ક્રમાંક :પ્રાશિનિ-સંકલન-મતદાર દિવસ-ફા.૧૧-૨૦૧૭-૩૩૭-૪૫૬ પ્રા.શિ.નિયામકશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો તા.૨૧-૧-૧૭નો પત્ર.**

આથી તમામ મ્યુનિ.શાળાઓને જણાવવામાં આવે છે કે, **નિયામકશ્રી, શિક્ષણ વિભાગે** તા.૨૫-૧-૧૭ના રોજ **"રાષ્ટ્રીય મતદાતા દિન"**ની ઉજવણી કરવાનું સૂચન કરેલ છે.તે મુજબ શાળામાં ઉજવણી અંગે યોગ્ય વ્યવસ્થા કરી વધુ ને વધુ લોકો આ ઉજવણીમાં ભાગ લે તે રીતે આયોજન કરવું.ઉજવણીના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચે એક પ્રતિજ્ઞા પત્ર નિયત કરેલ છે.તા.૨૫-૦૧-૨૦૧૭ને સવારે ૧૧-૦૦ કલાકે રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણીના સમારંભમાં ઉપસ્થિત તમામ વ્યક્તિઓએ સમૂહમાં વાંચીને પ્રતિજ્ઞા લેવાની છે.દરેક મ્યુનિ.શાળાઓના વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા આ પ્રતિજ્ઞા વિશે સમજ આપવી.તથા તે પ્રમાણે પ્રતિજ્ઞા લે તેવું આયોજન કરવું.નીચે જણાવ્યા મુજબની અંગ્રેજીમાં અથવા ગુજરાતીમાં પ્રતિજ્ઞા લેવડાવવાની રહેશે.

## મતદારોએ લેવાની પ્રતિજ્ઞા

અમે,ભારતના નાગરિકો લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની મુક્ત,ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવીશું.તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ,વંશ,જ્ઞાતિ,જાતિ,ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.

## VOTERS PLEDGE

We,the citizens of India,having abiding faith in democracy,hereby pledge to uphold the democratic traditions of out country and the dignity of free,fair and peaceful elections,and to vote in every election fearlessly and without being influenced by considerations of religion,race,caste,community,language or any inducement.

તા.૨૩-૧-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**નોંધ :- પરિપત્ર નં.૧૪૦/તા.૧૧-૧-૧૭મુજબ ધો.૫માં અભ્યાસ કરતાં હોંશિયાર વિદ્યાર્થીઓને અમદાવાદ શહેર ખાતે શરૂ થતાં જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ લેવા માટે એપ્રિલ-૨૦૧૭માં લેવાની થતી પ્રવેશ પરીક્ષા માટે ફોર્મ ભરવાની અંતિમ અવધી તા.૩૧-૧-૧૭ હોઈ તે પહેલાં ફોર્મ ભરી, મદદનીશ શાસનાધિકારીશ્રીની સહી કરાવી મુખ્ય ઓફિસ, હેડકલાર્ક બ્રાંચમાં જમા કરાવવાની કામગીરીને વિદ્યાર્થીઓના હિતમાં અગ્રીમતા આપશો.**